# રંગાઈ જાને રંગમાં

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં
મહાવીર પ્રભુનાં રંગમાં, અરિહંત કેરા રંગમાં
રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

આજે ભજશું, કાલે ભજશું, વીતી ઉમર તમા ... મ,
ક્યારે લઈશું વીરનું ના ... મ ?
આજે ભજશું, કાલે ભજશું, વીતી ઉમર તમા ... મ,
ક્યારે લઈશું વીરનું ના ... મ ?
શ્વાસ ખૂટશે, નાડી તૂટશે (૨), પ્રાણ નહીં રહે અંગમાં
રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં
મહાવીર પ્રભુનાં રંગમાં, અરિહંત કેરા રંગમાં
રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

ઘડપણ આવશે, ત્યારે ભજશું, પહેલા કામ તમા ... મ

પછી ફરીશું તીરથ ધા ... મ

ઘડપણ આવશે, ત્યારે ભજશું, પહેલા કામ તમા ... મ

પછી ફરીશું તીરથ ધા ... મ

આતમ એક દિન ઉડી જાશે (૨), શરીર જાયે ના સંગમાં

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

મહાવીર પ્રભુનાં રંગમાં, અરિહંત કેરા રંગમાં

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

જીવ જાણતો, ઝાઝું જીવશું, મારું છે આ તમા ... મ

પહેલા અમર કરી લઉં ના ... મ

જીવ જાણતો, ઝાઝું જીવશું, મારું છે આ તમા ... મ

પહેલા અમર કરી લઉં ના ... મ

તેડું આવશે જમનું ત્યારે (૨), જાવું પડશે સંગમાં

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

મહાવીર પ્રભુનાં રંગમાં, અરિહંત કેરા રંગમાં

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

સહુ જીવ કહેતા, પછી જપીશું, મેળવી લો ને દા ... મ

રહેવાના કરી લો ઠા ... મ

સહુ જીવ કહેતા, પછી જપીશું, મેળવી લો ને દા ... મ

રહેવાના કરી લો ઠા ... મ

પ્રભુ પડયો છે ક્યાં રસ્તામાં (૨), સહુ જન કહેતાં વ્યંગમાં

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

મહાવીર પ્રભુનાં રંગમાં, અરિહંત કેરા રંગમાં

રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં

2017-01-21

https://www.youtube.com/watch?v=_nXC0xzCpQo&t=143s